# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: વિરલ રાણા

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૦૬-૦૬-૨૦૨૪ ગુરુવાર સમય : સાંજે ૬:25 કલાકે**

---

## નવી સરકારની રચના:

18મી લોકસભાની ચૂંટણીનાં પરિણામો બાદ નવી સરકારની રચનાની કવાયત તેજ બની છે. ગઇકાલે એનડીએનાં સાથી પક્ષોએ પોતાનાં નેતા તરીકે નરેન્દ્ર મોદીની સર્વાનુમતે પસંદ કર્યા બાદ આજે નવી દિલ્હીમાં ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ જે.પી.નડ્ડાએ કેન્દ્રીય મંત્રીઓ સાથે બેઠક યોજી હતી. શ્રી નડ્ડાના નિવાસસ્થાને યોજાયેલી આ બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ અને અન્ય વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજધાનીમાં બિહારના મુખ્યમંત્રી અને જેડીયુ પ્રમુખ નિતિશ કુમારના નિવાસસ્થાને જેડી(યુ)ના નેતાઓનું આગમન ચાલુ છે. ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ, નાયબ મુખ્યમંત્રીઓ અને પ્રદેશ પ્રમુખો પણ દિલ્હી પહોંચી રહ્યા છે.

આવતીકાલે નવી દિલ્હીમાં સંસદ ભવન પરિસરમાં એનડીએ સંસદીય પક્ષની બેઠક યોજાશે, જેમાં એનડીએ તથા અન્ય સાથી પક્ષોના નવા ચૂંટાયેલા સાંસદો હાજરી આપશે

- (RNU અમદાવાદ)

---

## રાજકોટ ગેમઝોન-વડી અદાલત:

રાજ્યની વડી અદાલતે રાજકોટ ટીઆરપી ગેમઝોન દુર્ઘટના મામલે સુઓમોટો અરજી પર આજે સુનાવણી હાથ ધરી હતી. વડી અદાલતે સરકારને પ્રશ્ન કર્યો હતો કે, હજી સુધી બનાવ બન્યો તે સમયના રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર સામે કેમ ગુનો નોંધવામાં આવ્યો નથી. વડી અદાલતમાં વધુ સુનાવણી આગામી 13મી જૂને થશે.

રાજ્યની વડી અદાલતે ગેમઝોન દુર્ઘટનાની તપાસ માટે રચાયેલી વિશેષ તપાસ ટુકડી ઉપર પણ પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે , દર વખતે વિશેષ તપાસ ટુકડી બને છે પણ દુર્ઘટનાઓ અટકતી નથી. અદાલતના આદેશ બાદ જ તંત્ર હરકતમાં આવે છે. અને થોડા સમય બાદ સ્થિતિ જેમ હતી તેમ થઈ જાય છે આ બદલવું જોઈએ.

અત્રે ઉલ્લેખનીય છે કે, વિશેષ તપાસ ટુકડીએ અહેવાલ માટે બે મહિનાનો સમય માગ્યો હતો , પરંતુ રાજ્ય સરકારે 28 જૂન સુધીમાં અંતિમ અહેવાલ બનાવવાની તાકીદ કરી છે. આ દુર્ઘટનામાં 28 લોકોના મૃત્યુ નિપજ્યાં હતાં.

- (RNU અમદાવાદ)

---

## લોકસભા-ડીપોઝીટ:

લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં કુલ 265 ઉમેદવારો મેદાનમાં હતા , જેમાંથી 215 ઉમેદવારોએ તેમની ચૂંટણી ડિપોઝીટ ગુમાવી છે અને 50 ઉમેદવારો તેમની ડિપોઝીટ બચાવી શક્યા છે. આમ 31 ટકા ઉમેદવારોએ ડીપોઝીટ ગુમાવી છે.

જયારે કચ્છ-મોરબી લોકસભાની અનુસૂચિત જાતિ અનામત બેઠક પર મંગળવારે જાહેર થયેલા પરિણામ બાદ આ બેઠક પરના 11 માંથી 9 ઉમેદવારોએ નિયત મતો ન મેળવતાં ડીપોઝીટની રકમ ગુમાવી છે.

ઉલ્લેખનીય છે ચૂંટણી પંચ અનુસાર ઉમેદવારે જે બેઠક પર ઉમેદવારી નોંધાવી છે તેમાં થયેલા કુલ મતદાનના છઠ્ઠા ભાગના મત ન મળે, તો ડિપોઝિટ જપ્ત કરાય છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## આચારસંહિતા-મુક્તિ:

લોકસભાની ચૂંટણી પ્રક્રિયા મતગણતરી સાથે સંપન્ન થઈ છે , ત્યારે 81 દિવસ એટલે કે, પોણા ત્રણ માસના લાંબા ગાળા પછી જીલ્લામાં વિધિવત્ રીતે આચારસંહિતામાંથી મુક્તિ મળશે.

નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈએ માહિતી આપતાં કહ્યું કે , મતગણતરી સંપન્ન થયા બાદ ચૂંટણી પરિણામોની જાહેરાત થઈ ચૂકી છે એ સાથે પોણા ત્રણ માસ સુધી ચાલેલી ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થઈ છે. ચૂંટણીની તારીખ જાહેર થઈ ત્યારથી કચ્છમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવી ગઈ હતી.

જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયા માટે ઈવીએમના 2140 બેલેટ અને કંટ્રોલ યુનિટ તેમજ વીવીપેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ તમામ ઈવીએમ અને વીવીપેટને સીલ કરીને મંગળવારે મતગણતરી સંપન્ન થયા બાદ રાત્રે જ મુંદરા રોડ સ્થિત ઈવીએમ વેરહાઉસ ખાતે પહોંચાડી દેવાયાં હતાં.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## શનિ જયંતી-ભુજ:

આજે વૈશાખી અમાસે શનિ જયંતી નિમિત્તે ભુજના શની મંદિર ખાતે શનિ જયંતીની ભક્તિભાવ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભક્તો દર્શાર્નાથે ઉમટ્યા હતા. આજે શનિ ભક્તો દ્વારા સાંજે શનિમંદિર ખાતે હોમ હવન, મહા આરતી અને મહા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## ફાયર સેફ્ટી-પંચાયત-મોકડ્રીલ:

આપત્તિ સમયે ફાયરસેફ્ટીના સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગેની સમજણ અને માહિતી મળે તે હેતુસર જિલ્લા પંચાયત કચેરીમાં ફરજ બજાવતા તમામ અધિકારીઓ અને કર્મચારી ઓને ફાયર સેફ્ટીના સાધનોની ઉપયોગીતા , ચકાસણી અને જિલ્લા વિકાસ અધિકારી એસ.કે.પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ કેમ્પસમાં તાલીમ અને મોકડ્રીલનું આયોજન કરાયું હતું.

ફાયર ઓફિસર અને ટીમ દ્વારા કચેરીના કેમ્પસમાં મોકડ્રીલ દ્વારા આગને બુઝાવવાનો લાઈવ ડેમો બતાવી તાલીમ અપાઈ હતી.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## હવામાન:

નૈઋત્યનું ચોમાસું ઝડપભેર આગળ વધી રહ્યું છે , તો અરબી સમુદ્રમાં એક સિસ્ટમ સક્રિય થવાની શકયતા વચ્ચે કચ્છમાં પણ આગામી સપ્તાહે પ્રી-મોન્સૂન ગતિવિધિ શરૂ થાય તે માટેનો અનુકૂળ માહોલ સર્જાઈ રહ્યો છે. દરમિયાન જિલ્લામાં પવનની ઝડપમાં વધ-ઘટ જારી રહેવા સાથે વાતાવરણમાં ઉકળાટની અનુભૂતિ જળવાયેલી રહી હતી.

અરબી સમુદ્રમાં સર્જાનારી સિસ્ટમ ડીપ ડિપ્રેશન સુધી પહોંચે તેવા હવામાન શાસ્ત્રીઓનાં અનુમાન વચ્ચે હવામાન વિભાગે રાજ્યમાં આગામી પાંચ દિવસ કેટલાક વિસ્તારમાં તોફાની વરસાદની આગાહી કરી છે. આ આગાહીમાં કચ્છનો હાલ સમાવેશ નથી , પણ જે રીતના પરિબળો સર્જાઈ રહ્યા છે તે જોતાં કચ્છમાં પણ ચોમાસાના સત્તાવાર આગમન પૂર્વેની ગતિવિધિ શરૂ થશે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---